# ધો.૧૦-૧૨ના ૨૦ વર્ષના પરિણામો પર દૃષ્ટિપાત

ધો.૧૦-૧૨ના પરિણામના દિવસો હોય ત્યારે શેક્ષણિક અને સામાજિક વાતાવરણ કેવું હોય છે ? તે યાદ કરો. સમાજ અને સરકાર બંને ચિંતિત હોય છે. ધોરન ૧૦-૧૨ના પરિણામને આધારે જ વિદ્યાર્થીનું ભવિષ્ય ઘડાય છે. માટે જ આ પરિનામોની ચર્ચા પણ સતત હોય છે. પ્રસાર માધ્યમો પણ ધો.૧૦-૧૨ના પરિનામોને ગંભીરતાથી લઇને તેને માટે ખૂબ જ સમય ફાળવે ચે તેમજ ટીકાટપ્પિણ પણ કરે છે. જમના બાળકો ધો.૧૦-૧૨માં અભ્યાસ કરતા હોય તેઓને તો રસ હોય જ, પણ જેમના બાળકોએ અભ્યાસ પૂર્ણ કરી લીધો છે તેવા વાલીઓ પણ રસપૂર્વક પરિણામોનું મૂલ્યાંકન કરતા હોય છે. સરકાર અને સમાજ ધો.૧૦-૧૨માં પરિણામ વધુ આવે તેમ ઇચ્છે છે, તે માટેના પ્રયત્નો પણ કરતા હોય છે. આમ ધો.૧૦-૧૨ના પરિણામ માટે સૌ કોઇ ચિંતિત છે, જે માટેની ચિંતા અને ચિંતન તેઓ કરતા હોય છે, ક્યારેક તો મનોમન કે જાહેરમાં પરિણામો વિશે પોતાના અભિપ્રાયો કે ઉપાયો સૂચવતા હોય છે. આજે આપણે તે દિશામાં એક ડગલું આગળ વધીને ધો.૧૦-૧૨ના છેલ્લા ૨૦ વર્ષના પરિણામો પર એક નજર ફેરવવી છે. જેમાં ધો.૧૨ વિજ્ઞાનપ્રવાહનો સમાવેશ અહીં નહી કરીએ. ધો.૧૦ અને ધો.૧૨ સામાન્ય પ્રવાહ એટલે કે જેમાં વ્યવસાયલક્ષી અને ઉચ્ચતર ઉત્તર બુનિયાદી પ્રવાહનો પણ સમાવેશ કરીશું.

૧૯૯૩ થી ૨૦૧૨ સુધીના વીસ વર્ષમાં ધો.૧૦ – ૧૨ના પરિણામ નજર નાંખતા જાણવા મળે છે કે, આ ૨૦ વર્ષમાં ધોરણ-૧૦ માં કુલ ૧,૨૫,૯૬,૯૯૯ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપવા નોંધણી કરાવેલ. જેમાંથી ૮૬,૧૭,૦૧૪ વિદ્યાર્થીઓ પાસ અને ૩૯,૭૯,૯૮૫ વિદ્યાર્થીઓ નાપાસ થયા હતા. એ જ રીતે ધો.૧૨ માં છેલ્લા ૨૦ વર્ષમાં ૫૧,૮૮,૯૧૫ વિદ્યાર્થીઓ નોંધાયેલ હતાં, જેમાંથી ૪૦,૨૮,૪૩૨ પાસ થયા અને ૧૧,૬૦,૪૮૩ વિદ્યાર્થીઓ નાપસા થયા હતા. આમ છેલ્લા ૨૦ વર્ષમાં ધોરણ દસમાં નોંધાયેલ ૧,૨૫,૯૬,૯૯૯ વિદ્યાર્થીઓમાંથી ધો.૧૨ના અંતે ૪૦,૨૮,૪૩૨ વિદ્યાર્થી બહાર પડયા. જેમાં સાયન્સ પ્રવાહમાં પ્રવેશ મેળવનાર વીસ વર્ષમાં સરાસરી ૮૦,૦૦૦ની ગણીએ તો બીજા ૧૬ લાખ વિદ્યાર્થીઓનો ઉમેરો કરી શકાય. આમ કુલ ૫૬,૨૮,૪૩૨ વિદ્યાર્થીઓ ધો.૧૨ પાસ થઇને બહાર પડે છે. એટલે કે, ૬૯,૬૮,૫૬૭ વિચર્થીઓ ક્યાં ગયા ? જેને શિક્ષણમાં અપવ્યય કહી શકાય. મિત્રો, વિચાર કરો કે, છેલ્લા ૨૦ વર્ષમાં ૬૯,૬૮,૫૬૭ જેટલા વિદ્યાર્થીઓ ધો.૧૨ પાસ થયા વિના સમાજમાં પાછા આવે છે. આ સંખ્યા મારી, તમારી, સમાજની અને સરકારની આંખ ઉઘાડી નાંખે તેવો છે. આના આદારે આપને એ જ વિચારવાનું થાય કે, શિક્ષણમાં એવું તે કેવું પરિવર્તન લાવવું જોઇએ કે જેથી આ અપવ્યયમાં ઘટાડો કરી શકાય.

હા, એક બાબતમાં સંતોષ પણ લેવા જેવો છે કે, ૧૯૯૩માં ધો.૧૦માં પ્રવેશ લેનાર વિચર્થીઓની સંખ્યા ૪,૬૫,૮૨૦ હતી, જે વધીને ૨૦૧૨માં ૯,૨૬,૧૧૫ જેટલી થઇ છે. આમ સંખ્યા વધવામાં ૯૮.૮૧ ટકાનો વધારો જોવા મળે છે. એજ રીતે ધો.૧૨માં ૧૯૯૩માં પ્રવેશ લેનાર વિદ્યાર્થીની સંખ્યા ૧,૯૦,૯૩૭ હતી, જે વધીને ૨૦૧૨માં ૪,૩૪,૭૫૬ જેટલી થઇ. એટલે કે ૧૨૭ ટકાનો વધારો થયો. જે શિક્ષણક્ષેત્રે આવેલી જાગૃતિ કહી શકાય. સાક્ષરતા દરની સાથે આગળ અભ્યાસ કરવાની વિદ્યાર્થીઓ અને વાલીઓમાં વધી રહેલી તમન્ના કહી શકાય. આ સાથે નાપાસ થનાર વિદ્યાર્થીઓનું પ્રમાણ પણ વિચારીએ તો ૧૯૯૩માં ધો.૧૦નું પરિણામ ૫૬.૩૩ ટકા હતું અને નાપાસ થનાર કે પરીક્ષા જ ન આપનાર વિદ્યાર્થીની સંખ્યા

૨,૦૩,૪૧૬ હતી. તો ૨૦૧૨માં ધો.૧૦નું પરિણામ ૬૯.૧૦ જેટલું આવ્યું હતું અને નાપાસ થનાર કે પરીક્ષામાં ન બેસનારની સંખ્યા ૨,૯૭,૦૩૨ જેટલી છે. ઉપરોક્ત સંખ્યાઓને ધ્યાનમાં રાખતા નાપાસ થનારની સંખ્યામાં ૪૬ ટકા જેટલો વધારો જોવા મળે છે, પણ એની સામે એ પણ વિચારીએ કે, નવી ભરતી થનાર સંખ્યામાં ૯૮.૮૧ ટકા જેટલો વધારો થયો છે.

તો ૧૯૯૩માં ધો.૧૨નું પરિણામ ઓક્ટોબરમાં પાસ થયેલા વિદ્યાર્થીને પણ સાથે ગણતાં ૭૭.૨૬ ટકા જેટલું હતું અને નાપાસ થનારની સંખ્યા ૪૩,૪૧૦ જેટલી હતી. તો ૨૦૧૨માં ધો.૧૨નું પરિણામ ૬૮.૪૪ ટકા જેટલું હતું અને નાપાસ થનાર કે પરીક્ષા ન આપનાર વિદ્યાર્થીઓની સંખ્યા ૧૫૪૭૧૯ હતી. અહીં ૧૯૯૩ની તુલનામાં પરિણામના ટકામાં સામાન્ય ઘટાડો જોવા મળે છે. સામે નાપાસ થનાર વિદ્યાર્થીઓની સંખ્યામાં પણ અતિસય ઉછાળો જોવા મળે છે. ૧૯૯૩ની સરખામણીમાં ૨૦૧૨માં નાપાસ થનાર વિદ્યાર્થીઓમાં અઢી ગણો વધારો થયો છે, તો પ્રવેશમાં સવાગણો વધારો થયો છે. જે એક ચિંતાની બાબત કહી શકાય.

છેલ્લા વીસ વર્ષ વર્ષના પરિણામની સરાસરી કાઢતાં ધો.૧૦નું સરાસરી પરિણામ ૫૫.૯૪ ટકા મળે છે, જ્યારે ધો.૧૨નું છેલ્લા વીસવર્ષનું સરાસરી પરિણામ ૭૯.૦૫ ટકા મળે છે. આમ ધો.૧૦ કરતાં ધો.૧૨નું પરિણામ ઊંચું આવે છે. બીજી એક બાબત એ પણ ધ્યાનમાં આવી કે, છેલ્લા વીસ વર્ષમાં એકપણ વખત એવું નથી બન્યું કે, ધો.૧૦ કરતાં ધો.૧૨નું પરિણામ ટકાવારીની દૃષ્ટિએ નીચું આવ્યું હોય. ધોરણ દસમાં છેલ્લા વીસ વર્ષમાં સૌથી વધુ પરિણામ ૨૦૦૭માં ૭૦.૬૫ ટકા હતું, તો સૌથી નીચું પરિણામ ૧૯૯૭માં ૪૦.૧૭ ટકા હતું. ધો.૧૨ ની વાત કરીએ તો સૌથી વધુ પરિણામ ૨૦૦૬માં ૯૧.૦૨ ટકા હતું, તો સૌથી નીચું પરિણામ ૨૦૦૪માં ૬૩.૧૬ ટકા હતું. આ વીસ વર્ષના ગાળામાં ધો.૧૦માં ૫૦ ટકા કરતાં નીચે પરિણામ પાંચ વખત૧૯૯૪,૧૯૯૬,૧૯૯૭,૧૯૯૮,૨૦૦૩માં આવ્યું છે. છેલ્લા દસ વર્ષમાં ધો.૧૦માં એકપણ વાર ૫૦ ટકા કરતાં નીચે પરિણામ આવ્યું નથી. તો ધો.૧૨માં છેલ્લા વીસ વર્ષમાં એકપણ વાર ૫૦ ટકા કરતાં નીચે પરિણામ આવ્યું નથી. ૨૦૦૭ના વર્ષમાં બંને ધોરણોના પરિણામો ઊંચા આવ્યા હતા. જેમાં ધો.૧૦માં ૭૦.૬૫ ટકા અને ધો.૧૨માં ૮૯.૨૫ ટકા પરિણામો હતા.

ધો.૧૦માં ૨૦૦૧ની ૨૦૧૨ સુધીનું પરિણામ સરાસરી ૬૦.૭૧ ટકા રહ્યું છે, જે અગાઉના આઠ વર્ષમાં એટલે કે ૧૯૯૩ થી ૨૦૦૦ સુધીનું પરિણામ ૪૮.૭૮ ટકા જેટલું હતું. એજ રીતે ધો.૧૨ માં ૨૦૦૧ થી ૨૦૧૨ સુધીનું સરાસરી પરિણામ ૭૭.૬૫ ટકા રહ્યું છે, જ્યારે પૂર્વેના આઠ વર્ષનું સરાસરી પરિણામ ૮૧.૭૩ ટકા જેટલું હતું. આ રીતે જોતાં ધો.૧૦ના પરિણામમાં આગળના આઠ વર્ષની સરખામણીમાં પાછલા બાર વર્ષના સરાસરી પરિણામમાં વધારો જોવા મળે છે, તો ધો.૧૨માં આગળના આઠ વર્ષના પરિણામની સરખામણીમાં  પાછલા બારવર્ષના સરાસરી પરિણામમા ઘટાડો જોવામળે છે.

ઉપરોક્ત માહિતીના આધારે સૌ શિક્ષણચિંતકોએ વિચારવું પડશે કે, ધો.૧૦-૧૨માં કઇ બાબતો આપણા માટે નકારાત્મક છે અને કઇ બાબતો હકારાત્મક છે. જ્યાં સુધારો કરવો જરૂરી લાગે તે ઝડપથી કરવો પડશે. કારણ કે તેના સારાં પરિણામો આપણને આજે જાણવા નહીં મળે. પણ સુધારા કરવામાં મોડું ન થાય અને જે સારી બાબતો છે તે આપણાથી છૂટી ન જાય તે પણ જોવું પડશે.